અંદ્રોખા કોલેજ પાસે ટ્રકે જીપને ટક્કર મારતા આઠના મોત

નવાભગા ગામના ૩૧ લોકો બટાટા વિણવા જતા હતા : ૩૧ ઈજાગ્રસ્તોને હિંમતનગર અને ખેડબ્રહ્મા સિવિલમાં લવાયા : સારવાર દરમ્યાન હિંમતનગર સિવિલમાં બેના મોત થતા કરૂણાસભર દૃશ્યો સર્જાયા : રેતી ભરવા જતા ટ્રકનો ચાલક અકસ્માત કરી ભાગી ગયો

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના અંદ્રોખા પાસે આવેલ કોલેજ નજીક સોમવારે સવારે રેતી ભરવા જઈ રહેલા એક ટ્રકના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી ટ્રક હંકારી નવાભગા ગામના ૩૧ લોકો બટાટા વિણવાની મજૂરી કરવા જીપમાં બેસીને જઈ રહ્યા હતા. ત્યારે ટ્રકે પાછળથી જીપને ટક્કર મારતા ગંભીર ઈજાને કારણે ત્રણ જણાના ખેડબ્રહ્મા સિવિલમાં સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે બાકીના બે ઈજાગ્રસ્તોના હિંમતનગર સિવિલમાં મોત થતા નવી સિવિલ કેમ્પસમાં કરૂણાસભર દૃશ્યો સર્જાયા હતા. અકસ્માતની ઘટના અંગે વિજયનગર પોલીસે અકસ્માત કરી ભાગી ગયેલા ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગે વિજયનગર પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી મજુબ સોમવારે સવારે નવાભગા ગામના ૩૧ લોકો બટાટા વિણવાની મજૂરી કરવા માટે જીપ નં. જીજે.૨એ.૨૪૭૬માં બેસી જઈ રહ્યા હતા ત્યારે અંદ્રોખા પાસે આવેલ કોલેજ નજીકથી પસાર થઈ રહેલ ટ્રક નં. જીજે.૧૬યુ.૭૧૦૦ના ચાલકે ટ્રકને પુરઝડપે હંકારી જીપને પાછળથી ટક્કર મારતા જીપમાં મુસાફરી કરી રહેલ લોકોએ બુમાબુમ કરી મુકી હતી. પરંતુ જોરદાર ટક્કર વાગતા જીપનો કચ્ચરગાણ નીકળી ગયો હતો.

આ અકસ્માતને કારણે ગંભીર રીતે ઘવાયેલા ત્રણ જણાના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. જ્યારે બાકીના ૩૦ થી વધુ લોકોને સારવાર માટે તાબડતોબ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ખેડબ્રહ્મા અને હિંમતનગર સિવિલમાં ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. દરમ્યાન ગંભીર રીતે ઘવાયેલા ત્રણ કમ નસીબોના ખેડબ્રહ્મા સિવિલમાં મોત થતા સમગ્ર વાતાવરણમાં શોક વ્યાપી ગયો હતો. દરમ્યાન હિંમતનગર સિવિલમાં સારવાર માટે લવાયેલા ૩૧ ઈજાગ્રસ્તો પૈકી બે જણાના સારવાર દરમ્યાન મોત નિપજ્યા હતા. જેના કારણે હિંમતનગરની નવી સિવિલ કેમ્પસમાં રોકકળના દૃશ્યો સર્જાયા હતા. અંદ્રોખા કોલેજ પાસે થયેલા ટ્રક અને જીપ વચ્ચેના અકસ્માત બાદ નવાભગા ગામના રામાભાઈ બાબુભાઈ ભગોરાએ અકસ્માત કરી ઘટનાસ્થળેથી ભાગી ગયેલા ટ્રકચાલક વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે વિજયનગર તાલુકામાં બનતી અકસ્માતનીઘટનાઓ અંગે તથા બેફામ રીતે દોડતા ટ્રકચાલકો સામે તંત્રએ લાલ આંખ કરીને કાર્યવાહી કરવી જોઈએ. તેવી માંગણી સ્થાનિક ધારાસભ્ય અશ્વિન કોટવાલે અવારનવાર જિલ્લાની સંકલન સમિતિમાં કરી હતી.

કમનસીબ મૃતકોના નામ

ગોવિંદભાઈ રમણભાઈ નિનામા
રાકેશભાઈ મરતાભાઈ લિંબડ
જયેશ રામાભાઈ ભગોરા
કોકિલાબેન લક્ષ્મણભાઈ વડેરા
વિકીશ રત્નાભાઈ વડેરા
પ્રકાશ મરતાભાઈ લિંબડ
લક્ષ્મીબેન દૂધાભાઈ ભગોરા
શાંતાબેન દૂધાભાઈ ભગોરા

મૃતકના પરિવારને ૧૦ લાખની સહાય આપવા માંગ

અંદ્રોખા કોલેજ પાસે સોમવારે બનેલી હૃદયદ્રાવક ઘટના બાદ જે આઠ લોકોના કમનસીબે મોત નિપજ્યા છે ત્યારે આ મૃતકોના પરિવારને સરકાર દ્વારા રૂ. ૧૦ લાખની સહાય આપવાની માંગ સ્થાનિક ધારાસભ્યએ કરી છે.

અકસ્માતમાં બે ભાઈઓ મોતને ભેટ્યા

અંદ્રોખા કોલેજ પાસે થયેલ અકસ્માતમાં રાકેશભાઈ લિંબડ તથા તેમના ભાઈ પ્રકાશભાઈ લિંબડના ગંભીર ઈજાને કારણે થયેલા મોત બાદ તેમનો પરીવાર જાણે કે નોધારો બની ગયો હોય તેમ આકંદ કરતા ઉપસ્થિત લોકોની આંખોમાંથી અશ્રુ સરી પડ્યા હતા. તેમ છતાં અનેક લોકો આ બંને ભાઈઓના પરીવારજનોને સાંત્વના આપતા હતા.

ધાનેરા નગરપાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી

પ્રમુખ તરીકે બળવંતભાઈ બારોટ અને ઉપપ્રમુખ તરીકે વસંતીબેન વશરામભાઈ ગલચરની નિમણૂક

ધાનેરા નગરપાલિકામાં આજે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે બળવંતભાઈ બારોટ અને ઉપપ્રમુખ તરીકે વસંતીબેન વશરામભાઈ ગલચરની નિમણૂક થતા ધાનેરાના લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ધાનેરા નગરપાલિકાના ચૂંટણી બાદ આજે નગરપાલિકામાં પ્રમુખ અને ઉપપ્રમુખની નિમણૂક માટે બેઠક બોલાઈ હતી. બેઠક ધાનેરા એસડીએમ ચીફ ઓફિસર તેમજ ભાજપ કોંગ્રેસના સભ્યો સહિત બંને પક્ષોના આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. પ્રમુખ માટે કોંગ્રેસ પક્ષમાંથી બળવંતભાઈ છોગાજી બારોટે અને ભાજપમાંથી સવદાનભાઈ જોધાભાઈએ ઉમેદવારી નોંધાવી હતી ત્યારે બળવંતભાઈને ૨૮માંથી ૧૮ મત મળ્યા હતા તો સવદાનભાઈને માત્ર દસ જ મત મળતા કોંગ્રેસના ઉમેદવાર બળવંતભાઈનો ભવ્ય વિજય થયો હતો. ત્યારે ઉપપ્રમુખ માટે કોંગ્રેસમાંથી વસંતીબેન વશરામ ભાઈ ગલચરે અને ભાજપમાંથી જ્યોત્સનાબેન યોગેશભાઈ ત્રિવેદીએ ઉમેદવારી નોંધાવી હતી જ્યોત્સનાબેન કરતા વસંતીબેનને વધુ મત મળતા વસંતીબેનનો ભવ્ય વિજય થાયો હતો. પાલિકામાં સતત ત્રીજી વખત પ્રમુખ તરીકે વિજેતા થનાર બળવંતભાઈ બારોટે પાલિકા સભ્યો સહિત લોકોનો ખુબખુબ આભાર માન્યો હતો અને લોકોએ મુકેલો વિશ્વાસ ટકાવી રાખવાની ખાતરી આપી હતીધાનેરા નગરપાલિકામાં બહુમતીથી કોંગ્રેસે સત્તા હાંસલ કરતા ધાનેરાના ધારાસભ્યએ પણ ખુશીની લાગણી વ્યક્ત કરી હતી અને જે ધાનેરાની જનતાએ કોંગ્રેસ ઉપર વિશ્વાસ મુક્યો છે તે વિશ્વાસ અમે ક્યારેય તૂટવા નહીં દઈએ અને ધાનેરાના તમામ લોકોને સાથે રાખી ધાનેરા નો સારો એવો વિકાસ કરશું. ધાનેરા નગરપાલિકામાં ભાજપના અણઘટ વહીવટથી ધાનેરાની પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી હતી.

અરવલ્લી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગનું મૂળાક્ષરોમાં ભોપાળુ

અરવલ્લી જીલ્લાના માર્ગ અને મકાન વિભાગ તંત્ર દ્વારા જીલ્લાના રાજયધરીમાર્ગો અને અંતરાળીય વિસ્તારોમાં ગામના નામો અને કિલોમીટર દર્શવાતા બોર્ડમાં ગંભીર ભૂલો તંત્રની માતૃભાષાની અજ્ઞાનતા દર્શવાતા સાબિત થઈ રહ્યા છે. ત્યારે જવાબદાર તંત્રની આવીજ એક ગંભીર બેદરકારી મોડાસા તાલુકાના સરડોઈ ગામને સરઢોઈ અને છાત્રેશ્વરીના બદલે છત્રેશ્વરી કરી આખે આખું ગામના જ નામ બદલી નાખતા ગ્રામજનો અને વાહનચાલકોમાં ભારે આશ્ચર્ય ફેલાયું છે અને અધિકારીઓ તેમની માતૃભાષા માટે રહેલી અજ્ઞાતતાં માટે હાંસીપાત્ર બન્યા છે. જવાબદાર તંત્ર દ્વારા તેમની ગંભીર ભુલ સુધારી તાત્કાલિક ધોરણે બંને ગામના બોર્ડ બદલવાની માંગ ઉઠી છે.

હિંમતનગરની મહિલા સાથે ૩.૮૦ લાખની છેતરપીંડી કરાતા ત્રણ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગરની શિવશક્તિ સોસાયટીમાં રહેતી એક મહિલા સાથે ત્રણ જણાએ નવ મહિના અગાઉ રૂ. ૩.૮૦ લાખ લઈને પરત ન આપી આ મહિલા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરતા ભોગ બનેલી મહિલાએ ત્રણેય જણા વિરૂદ્ધ રવિવારે હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. દક્ષાબેન ભરતભાઈએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૧૩-૯-૨૦૧૭ના રોજ ભાવેશકુમાર મહેન્દ્રભાઈ સોની તથા તેમના સાળા પરેશભાઈ સોની અને ભાવેશભાઈના સાઢુ દતેસભાઈ સોનીએ દક્ષાબેન પાસેથી છ માસનો વાયદો કરીને રૂ. ૩.૮૦ લાખ સ્ટેમ્પ પર લખાણ કરીને લીધા હતા પરંતુ વાયદો પુરો થવા છતાં પૈસા પરત આપ્યા ન હતા અને મોબાઈલ બંધ કરી દીધા હતા. તેમ છતાં દક્ષાબેને પરેશભાઈ અને દતેસભાઈને પુછતા આ બંને જણાએ અપશબ્દો બોલી અપમાનિત કર્યા હતા તેથી દક્ષાબેને ત્રણેય જણા વિરૂદ્ધ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવા બદલ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

પ્રાંતિજ નગરપાલિકામાં મહિલા પ્રમુખ પદે ગીતાબેન સંજયકુમાર પટેલ

ચૂંટણી બાદ કેટલાય દિવસથી નવા પ્રમુખને લઇને ચર્ચાઓનો અંત : પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી બિનહરીફ યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકાની ચૂંટણી બાદ નગરપાલિકાના નવા પ્રમુખ માટે ચર્ચાઓને લઈને પ્રાંતિજના સ્થાનિક રાજકારણમાં નવા પ્રમુખને લઈને ગરમાવો જોવા મલ્યો હતો. પણ આજે પ્રમુખને લઈને ચૂંટણી યોજાવામા આવી હતી. જેમાં સર્વાણુમત્તે પ્રમુખ તરીકે ગીતાબેન સંજયકુમાર પટેલની નિમણુંક થતા ચર્ચાઓનો અંત આવ્યો છે.

પ્રાંતિજ નગરપાલિકાની ચૂંટણી બાદ છેલ્લા કેટલાય દિવસથી નવા પ્રમુખને લઇ ચાલી રહેલ ભાગદોડનો તા. ૨૬મી સોમવારના રોજ અંત આવ્યો હતો. જયારે આજે નગરપાલિકા ખાતે બપોરના બાર કલાકે પ્રમુખ માટેની ચૂંટણી પ્રાંતિજ- તલોદના પ્રાંન્ત અધિકારી દ્વારા ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તો ચૂંટણી પહેલા નામની જાહેરાત પહેલાં પાર્ટી દ્વારા નગરપાલિકાના સભ્યોની વ્હીપ લેવામાં આવી હતી. ત્યારે જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશભાઇ પટેલ, વાસુદેવભાઇ રાવલ, રણજીતસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા અને ત્યારબાદ પાર્ટી દ્વારા નગરપાલિકાના પ્રમુખ તરીકે ગીતાબેન સંજયકુમાર પટેલ તથા ઉપપ્રમુખ પદે નયનભાઇ ભરતભાઇ દેસાઈનું નામ જાહેર કરતાં સર્વાણુંમતે સદસ્યો દ્વારા વધાવી લેવામાં આવ્યા હતા. પ્રાંતિજ પ્રાંન્ત અધિકારી એ.આર.ચૌધરી દ્વારા પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી અંગે જાહેરાત કરતાં અન્ય કોઇ નામ જાહેર ના થતાં પ્રાંન્ત અધિકારી દ્વારા પ્રમુખ તરીકે ગીતાબેન પટેલને તથા ઉપપ્રમુખ નયનભાઇ દેસાઇ નામ જાહેર કર્યું હતું. તો પ્રમુખ ગીતાબેન સંજયકુમાર પટેલ નું નામ જાહેર થતાં તેમના સમર્થકો દ્વારા ફુલહાર પહેરાવી ફટાકડા ફોડી સમર્થકો દ્વારા મોઢું મીઠું કરાવવામાં આવ્યું હતું.

ધાનેરા તાલુકાના વોડા ગામે આમળી અગિયારસ નિમિતે ભવ્ય લોકમેળો ભરાયો

ગુજરાત રાજયએ લોક ભાતીગળ મેળા માટે જાણીતું રાજ્ય છે અને વાર તહેવાર ગુજરાત માં લોક ભાતીગળ મેળા ભરાતા હોય છે ત્યારે આજે પણ ધાનેરા તાલુકાના વોડા ગામે આમળી અગિયારસ નિમિતે ભગવાન શિવના મંદિરે ભવ્ય ભાતીગળ મેળો ભરાયો હતો.

આ મેળામાં ધાનેરા સહિત આજુ બાજુથી મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા અને ભગવાન શિવ ના દર્શન કરી મેળાની મજા માણી હતી તો બીજી તરફ લોકો ને કોઈ મુશ્કેલી ન પડે કે કોઈ અણબનાવ ન બને તે માટે પોલીસ દ્વારા પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત સુનોખ પંચાયતના અલગ અલગ ત્રણ ગામ ધંમ્બોલીયા / રૂદ્રાલ અને ગઢીયા, તા. ભિલોડા મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

ધંમ્બોલીયા		
૧.	વિતરણ પાઈપલાઈન ૧૨૦૦ મીટરનું લેબરકામ	૨૦૩૪૫૨.૭૦
૨.	ઘર જોડાણ ૫૦ નંગ	૯૦૦૫૦.૦૦
રૂદ્રાલ		
૧.	વિતરણ પાઈપલાઈન ૨૫૦૦ મીટરનું લેબરકામ	૪૪૦૮૧૭.૦૩
૨.	ઘર જોડાણ ૪૫ નંગ	૧૦૧૦૭૦.૦૦
ગઢીયા		
૧.	વિતરણ પાઈપલાઈન ૨૫૦૦ મીટરનું લેબરકામ	૪૪૦૮૧૭.૦૩
૨.	ઘર જોડાણ ૪૫ નંગ	૧૦૧૦૭૦.૦૦

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી ધંમ્બોલીયા / રૂદ્રાલ અને ગઢીયા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું
ધમ્બોલીયા/રૂદ્રાલ અને ગઢીયા જળ અને સ્વચ્છતા સમિતિ
તાલુકો - ભિલોડા, જીલ્લો - અરવલ્લી

જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત સુનોખ પંચાયતના અલગ અલગ બે ગામ સુખોખ અને વગોદર ગામ, તા. ભિલોડા મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

સુનોખ		
૧.	વિતરણ પાઈપલાઈન ૨૭૦૦ મીટરનું લેબરકામ	૪૪૬૨૩૮.૭૧
૨.	ઘર જોડાણ ૧૩૫ નંગ	૨૧૯૧૦૫.૦૦
વગોદર		
૧.	વિતરણ પાઈપલાઈન ૧૩૦૦ મીટરનું લેબરકામ	૨૩૬૫૯૧.૪૭

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી સુનોખ અને વગોદર જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું
અધ્યક્ષશ્રી, સુનોખ અને વગોદર જળ અને સ્વચ્છતા સમિતિ
તાલુકો - ભિલોડા, જીલ્લો - અરવલ્લી

જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત મેરાવાડા, તા. ભિલોડા મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧.	પી.વી.સી. પાઈપનું લેબરકામ	૪,૭૯,૪૭૪.૬૦
૨.	ઘર જોડાણ ૫૦ નંગ	૧,૧૨,૩૦૦.૦૦

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી મેરવાડા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું
અધ્યક્ષશ્રી, મેરવાડા જળ અને સ્વચ્છતા સમિતિ
તાલુકો - ભિલોડા, જીલ્લો - અરવલ્લી

જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત શામળપુર, તા. ભિલોડા મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧.	પી.વી.સી. પાઈપનું લેબરકામ	૨,૭૮,૩૬૧.૬૧
૨.	ઘર જોડાણ	૫૪,૦૩૦.૦૦

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી શામળપુર જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું
અધ્યક્ષશ્રી, શામળપુર જળ અને સ્વચ્છતા સમિતિ
તાલુકો - ભિલોડા, જીલ્લો - અરવલ્લી

જાહેર આભાર

ધાનેરા તાલુકા પંચાયત ની સીટ નં ૧૭-ઉપર મારામાં અને ભારતીય જનતા પાર્ટી ઉપર વિશ્વાસ મુકી અને મને જીતાડવા બદલ હું નેનાવા, લેલાવા અને ખાપરોલની પ્રજા નો ખુબ ખુબ હૃદય પૂર્વક આભાર માનું છું

લી.
ગણેશભાઇ મલાજી પરમાર
(નેનાવા)
તાલુકો-ધાનેરા, જીલ્લો-બનાસકાંઠા

જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત પાલ્લા પંચાયતના અલગ અલગ ગામ પાલ્લા ગામ, તા. ભિલોડા મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

૧.	પી.વી.સી. પાઈપનું લેબરકામ	૩૧૧૦૯૯.૩૫
૨.	ઘર જોડાણ ૪૫ નંગ	૭૩૦૩૫.૦૦

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૩/૩/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૭/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી પાલ્લા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું
પાલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ
તાલુકો - ભિલોડા, જીલ્લો - અરવલ્લી